**C.C.No. 116899/2021**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

૧. આ કામે રેકર્ડ ધ્યાને લીધું, હાલની ફરીયાદ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળ કરવામાં આવેલ છે. હાલના પ્રસ્તુત કેસમાં મુળ ફરીયાદી તરીકે જે–તે સમયે એચ.ડી.એફ.સી. બેંકના અધિકૃત વ્યકિત/ઓથોરાઈઝડ પર્સન ધ્વારા ફરીયાદ દાખલ કરવામાં આવેલ હતી. પરંતુ ત્યારબાદ એચ.ડી.એફ.સી.બેંકે પોર્ટ ફોલીયો વેચાણ કરી દીધેલ હોવાની હકીકત એચ.ડી.એફ.સી.બેંકના અધિકૃત અધિકારી ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થઈ જાહેરાત કરતાં જાણ થયેલ છે અને તે મતલબનું કંપનીવાઈસ લીસ્ટ પણ અત્રેની કોર્ટને આપેલ છે. જે સંદર્ભે પોર્ટ ફોલીયો ખરીદનાર નવી ફરીયાદી કંપની/ ફરીયાદી કંપનીના ઓથોરાઈઝડ પર્સનને તા.૧૯–૦૪–૨૪ ના રોજના **E-mail** થી પણ જાણ કરવામાં આવેલ હોવા છતાં જાતે કે તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર રહેલા નથી. છેલ્લે તા.૨૯–૦૫–૨૦૨૪ ના રોજ પણ નવી ફરીયાદી કંપનીને **E-mail** મારફતે તેઓની આવી બેદરકારી સબબ જાણ કરી હાલના કામે ઓથોરાઈઝડ પર્સન અથવા તેઓના વિ.વકીલશ્રી મારફતે હાજર રહેવા જાણ કરવામાં આવેલ હતી. તેમછતાં તેનો કોઈ પ્રત્યુતર પાઠવવામાં આવેલ નથી કે કેસ કાર્યવાહીના કામે પ્રત્યક્ષ રીતે નામ.કોર્ટ સમક્ષ હાજર રહેલા નથી.આ કેસ અંગે એચ.ડી.એફ.સી.બેંકના ઓથોરાઈઝડ પર્સન/ફરીયાદીને પુછતાં તેઓએ જણાવેલ કે એચ.ડી.એફ.સી. બેંક ધ્વારા પોર્ટ ફોલીયો ખરીદનાર નવી કંપનીને પેન્ડીંગ કેસોના લીસ્ટ સહીત જાણ કરવામાં આવેલ છે. એચ.ડી.એફ.સી.બેંકના અધિકારી ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે નવી ફરીયાદી કંપની એચ.ડી.એફ.સી.બેંકના અધિકારીઓને પણ કોઈ જ રીસ્પોન્સ આપતી નથી. વધુમાં એચ.ડી.એફ.સી.બેંકના વિ.વકીલશ્રીએ અત્રેની કોર્ટને રજુઆત કરતાં જણાવેલ છે કે, નવી ફરીયાદી કંપનીનો સંપર્ક કરવા છતાં કોઈ જ વ્યાજબી અને સંતોષકારક પ્રતિસાદ મળતો નથી.

આમ, રેકર્ડ ઉપરની વાસ્તવિક હકીકતો અને ફરીયાદપક્ષની રેકર્ડ ઉપરની વર્તણુંકને ધ્યાને લેતાં,નવી ફરીયાદી કંપની ધ્વારા કેસની કાર્યવાહી આગળ વધારવા કોઈ જ સક્રિયતા દાખવેલ નથી કે કેસ કાર્યવાહી આગળ ધપાવવા કોઈ જ રસ ધરાવતા ન હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ ફરીયાદીની બેદરકારી જણાઈ આવે છે. વધુમાં, રેકર્ડ ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે હાલનો કેસ ઘણા લાંબા સમયથી બિન અસરકારક રીતે પડી રહેલ છે. તેમ છતાં,ફરીયાદી ધ્વારા કેસની કાર્યવાહી આગળ વધારવા કોઈ જ સક્રિયતા દાખવેલ નથી. આજરોજ પણ ફરીયાદપક્ષ તરફે કોઈ હાજર નથી કે કોઈ મુદત રિપોર્ટ રજુ નથી.

૨. વધુમાં,**નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના** ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે સાથોસાથ **નામ. ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબર: ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો** ચૂકાદો ધ્યાને લેતાં, તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાં ના હોય તો, તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. હાલની ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને કસુરના કારણે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે.

૨. આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ <u>તા. ૨૨ મી, માહે:જૂન, સને–૨૦૨૪</u> ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૨–૦૬–૨૪
સ્થળ:અમદાવાદ.

**( કિરીટકુમાર બી.વાઘેલા )**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૦, અમદાવાદ
GJ01142